# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે માર્ચ–૨૦૨૪માં યોજાયેલ ઉ.મા.પ્ર.પરીક્ષા, ધો–૧૨ સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુ પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમાના તેમજ GSOS ઉમેદવારોના પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર **તા.૦૯/૦૫/૨૦૨૪, ગુરૂવારના** રોજ ઓનલાઇન જાહેર કરવામાં આવેલ. માર્ચ–૨૦૨૪ ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ/પ્રમાણપત્ર/S.R. તેમજ GSOS ઉમેદવારોના પરિણામ (માર્કશીટ/પ્રમાણપત્ર/S.R./એનરોલસર્ટિ) તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા નિયત કરેલ વિતરણ સ્થળ ખાતે તા.૨૧/૦૫/૨૦૨૪ના રોજ બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ/પ્રમાણપત્ર/S.R. તેમજ GSOS ઉમેદવારોના પરિણામ(માર્કશીટ/પ્રમાણપત્ર/S.R./એનરોલસર્ટિ) વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી તા.૨૨/૦૫/૨૦૨૪ના રોજ જિલ્લાની સામાન્ય પ્રવાહની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવી. રાજ્યની સામાન્ય પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાનું પરિણામ (માર્કશીટ/પ્રમાણપત્ર/S.R./એનરોલસર્ટિ) મુખત્યારપત્ર રજુ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાના રહેશે. શાળાઓએ તા.૨૩/૦૫/૨૦૨૪ના રોજ વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવાનું રહેશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

તા :–૨૦/૦૫/૨૦૨૪
સ્થળ :– ગાંધીનગર.

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ રવાના :
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ,
આપના જિલ્લાની સામાન્ય પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂં.